# શ્રી યુ. પી.આર્ટ્સ, શ્રીમતી એમ.જી.પંચાલ સાયન્સ એન્ડ
# શ્રી વી.એલ. શાહ કોમર્સ કોલેજ, પિલવાઇ

## લેબ આસિસ્ટન્ટ(વર્ગ ૩)ના ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટે અગત્યની જાહેરાત

ઉત્તર-પૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળ, પીલવાઈ સંચાલિત શ્રી યુ.પી.આર્ટ્સ, શ્રીમતી એમ.જી.પંચાલ સાયન્સ એન્ડ શ્રી વી.એલ. શાહ કોમર્સ કોલેજ, પિલવાઇમાં લેબ આસિસ્ટન્ટ વર્ગ- ૩ ની બે જગ્યાઓ માટે તા. ૧૩/૧૧/૨૦૨૫ના રોજ લેવાયેલી સ્પર્ધાત્મક પરીક્ષાના કોલેજની વેબસાઈટ પર મુકેલા પરિણામના આધારે ઉક્ત સંવર્ગના ઉમેદવારોએ મેળવેલ ગુણના આધારે મેરિટ્સ આધારે **પસંદગી/પ્રતીક્ષા યાદી**માં સમાવવા પાત્ર સંભવિત ઉમેદવારો કે જેઓના અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરવાની થાય છે તેવા ઉમેદવારોની યાદી અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી અંગેની ઉમેદવારો માટેની સૂચનાઓ નીચે દર્શાવ્યા મુજબ છે.

### લેબ આસીસ્ટન્ટની ૦૨ જગ્યા માટે પસંદગી/પ્રતીક્ષા યાદીમાં સમાવવા પાત્ર સંભવિત ઉમેદવારોની યાદી

| Sr No | SEAT NO. | CANDIDATE'S NAME | GENDER | Marks after pro rata | | |
|---|---|---|---|---|---|---|
| | | | | Part A (out of 60) | Part B (out 150) | Total (out of 210) |
| 1 | LA03 | PRAJAPATI RAHULKUMAR KIRITKUMAR | MALE | 52.88 | 114.78 | 167.66 |
| 2 | LA15 | PATEL DHRUV DIPAKKUMAR | MALE | 51.61 | 95.27 | 146.88 |
| 3 | LA49 | PATEL KEYA ARVINDBHAI | FEMALE | 41.69 | 97.30 | 138.99 |
| 4 | LA46 | PATEL HARSHKUMAR PRAHLADBHAI | MALE | 39.66 | 94.26 | 133.92 |

પસંદગી સમિતિ

# <u>પ્રમાણપત્રોની ચકાસણીનો કાર્યક્રમ</u>

**સ્થળ: વહીવટી ભવન, ડો જે.ડી. તલાટી વિદ્યાસંકુલ, પીલવાઈ કોલેજ** **તારીખ: ૨૦/૦૧/૨૦૨૬, મંગળવાર**

**સૂચનાઓ**: પ્રસ્તુત યાદીમાં ઉમેદવારોએ એમસીક્યુ બેઇઝ્ડ સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણ ના આધારે મેરીટસ, લઘુત્તમ લાયકી ગુણ અને ઓપન કેટેગરીથી ભરવાની બે જગ્યાઓને આધારે પસંદગી/પ્રતીક્ષા યાદીમાં સમાવવા પાત્ર સંભવિત ઉમેદવારો કે જેઓને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સારું બોલાવવાના થાય છે તેવા ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવેલ છે.

- ઉપર દર્શાવેલ યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણીને અંતે લાયક ઠરેલ ઉમેદવારોને ઉક્ત સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના મેરીટ્સના આધારે પસંદગી યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવશે.
- ઉમેદવાર ઉપર દર્શાવેલ યાદીમાં પોતાના નામના સમાવેશ માત્રથી તેઓનો પસંદગી યાદીમાં સમાવેશ માટેનો કોઈ હક્ક દાવો કરી શકશે નહીં.
- જે ઉમેદવારો લેબ આસિસ્ટન્ટની જગ્યાએ જોડાવા માંગતા ના હોય અને પ્રમાણપત્રોની ચોક્કસ ચકાસણીમાં ઉપસ્થિત રહેવા માંગતા ન હોય તેવા ઉમેદવારોએ લેખિતમાં સંચાલક મંડળને જાણ કરવાની રહેશે.
- અનિવાર્ય સંજોગોમાં ઉમેદવાર આ કાર્યક્રમમાં હાજર રહી શકે તેમ ના હોય તો તેઓ તેમના વાલીને સંમતિ પત્રક સાથે મોકલી પ્રમાણપત્રોની ચકાસણી કરાવી શકે છે. આ માટે નિયત નમૂનાનું સંમતિ પત્રક વાલી સાથે મોકલવાનું ફરજિયાત છે.
- પ્રમાણપત્રોની ચકાસણી નો કાર્યક્રમ જાહેર થયેથી ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટે સંબંધિત ઉમેદવારોને રૂબરૂ ઉપસ્થિત રહેવાની જાણ કરતા વ્યક્તિગત પત્રો અલગથી આરપીએડી/ઈમેલ મારફત મોકલવામાં આવશે.
- ઉમેદવારે ચકાસણી કાર્યક્રમમાં નીચે દર્શાવ્યા મુજબના વય જાતિ શૈક્ષણિક લાયકાત વગેરેના અસલ તેમજ પ્રમાણપત્રોની બે-બે ઝેરોક્ષના નકલના સેટ સાથે અચૂક ઉપસ્થિત થવાનું રહેશે. વધુમાં ઉમેદવારે અરજી કરતાં સમયે દર્શાવેલ વિગતો અને તેના અસલ પ્રમાણપત્રોની વિગતમાં વિસંગતતા હોય તો ચકાસી લેવું અને જરૂરી લાગે તો તે બાબતનું એફિડેવીટ કરી સાથે લાવવાનું રહેશે.
- ઉમેદવારોએ આ સાથે સામેલ પ્રમાણપત્રોની ચકાસણીના ફોર્મમાં જરૂરી વિગતો ભરી નીચે દર્શાવેલ ક્રમ મુજબ લાગુ પડતા અસલ પ્રમાણપત્રો ગોઠવીને તેની સ્વપ્રમાણિત ઝેરોક્ષ નકલો બે સેટમાં અવશ્ય લાવવાની રહેશે.
    1. શાળા છોડ્યાનો દાખલો
    2. અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનો દાખલો
    3. ધોરણ 10 અને ધોરણ 12 ની માર્કશીટ અને પ્રમાણપત્ર
    4. શૈક્ષણિક લાયકાત BSc (કેમેસ્ટ્રી) ના તમામ સેમેસ્ટરની માર્કશીટ અને પ્રમાણપત્ર
    5. કમ્પ્યુટરની જાણકારી અંગેનું પ્રમાણપત્ર
    6. દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારે નિયત નમૂનાનું સક્ષમ અધિકારી તરફથી મળેલ પ્રમાણપત્ર
    7. ફોટો આઈડી પ્રુફ (સરનામા વાળું)
    8. તાજેતરના પાસપોર્ટ સાઇઝના બે ફોટા

**પસંદગી સમિતિ**